વિચાર-પુષ્પ-માલા. પુ. ૨



નવા યુગનાં જુવાન, સ્ત્રી, પુરુષ.

નવા યુગનો જુવાન— લેખક, કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા બી. એ.
વિદ્યાધિકારી, ભાવનગર સ્ટેટ

નવા યુગની સ્ત્રી— લેખક, નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર,
બી. એ., એલ એલ. બી, બૅરિસ્ટર-ઍટ-લૉ

નવા યુગનો પુરુષ— લેખક, મહારાણીશંકર અંબાશંકર શર્મા.

નવા યુગનાં જુવાન, સ્ત્રી, પુરૂષ.

નવા યુગનો જુવાન.

લેખકઃ-કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા, બી. એ.
વિદ્યાધિકારી, ભાવનગર

નવા યુગની સ્ત્રી.

લેખકઃ-નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર,
બી. એ એલ એલ, બી, બૅરીસ્ટર-ઍટ-લૉ.
ગિરગામ મુંબઈ.

નવા યુગનો પુરૂષ.

લેખકઃ-મહારાણીશંકર અંબાશંકર શર્મા,
આર્યસમાજ મંદિર, ગિરગામ, મુંબઇ.

પ્રકાશકઃ-રણછોડદાસ ભવાન,
ગિરગામ, મુંબઇ

કિંમત ત્રણ આના.

પ્રત ૧૦૦૦. આવૃત્તિ ૧ લી.

સને ૧૯૧૫.

ધર્મ વિજય પ્રીન્ટીગ પ્રેસ, પાયધુની નં. ૫૭૨, મુબઇમા
હરજીવન ભગવાને છાપ્યું

સૂચના

આ "માલા" નુ પ્રથમ પુસ્તક 'ધર્મનો જય" શ્રીયુત કૌશિકરામની અસરકારક લેખિનીથી લખાયું છે. તે છૂટક ત્રણ આને વ્યવસ્થાપક પાસેથી મળી શકશે "વિચાર-પુષ્પ-માળા" ના વાર્ષિક ગ્રાહક ગમે ત્યારે થઇ શકાય છે, અને વર્ષની મધ્યમા ગ્રાહક થનારને પણ પાછળના પુસ્તકો પૂરા પાડવામાં આવે છે આખા વર્ષના ગ્રાહક થનારને ગુજરાતના ઉત્તમ લેખકોથી લખાયેલા આવા ચાર પુસ્તકો આઠ આનાની નજીવી કિમ્મતમા આપવામા આવશે પોસ્ટેજ જૂદું આ સોનેરી તકનો ઉપયોગ કરવાની ઈચ્છા હોય તો જણાવો તમારી સાહિત્યરસિકતા, તમારો ઉત્સાહ અને તમારી મહેરબાની નીચેને શિરનામે —

નૃ. ભ. વિભાકર,
બૅરિસ્ટર-ઍટ-લૉ.
વિચાર-પુષ્પ--માળાના વ્યવસ્થાપક,
ગિરગામ, **મુંબઈ.**

પ્રસ્તાવના.

વિચાર–પુષ્પ–માલાનુ આ બીજું પુષ્પ સુજ્ઞ વાચક સમક્ષ ધરતા આનદ થાય છે આ પુસ્તક–માલા તરફ વિદ્વાનોનુ તેમજ સામાન્ય જનસમૂહનુ આકર્ષણ અત્યારથીજ દેખાવા લાગ્યુ છે તેથી ઉજળા ભવિષ્યની સુખભર આશાઓ બાધવાનો હક્ક વ્યવસ્થાપકને પ્રાપ્ત થાય છે ગુજરાતમા સારા વાચનની ભૂખ ઘણી છે, જો કોઇ આ જરૂરિયત પૂરી પાડનારૂ હોય તો સારા વિચારો અને ઉચ્ચ ભાવનાઓ માટે હજુ ગુજરાતની ગ્રહણશક્તિ આબાદ છે, જો કોઇ મહેનત લઇને આપનારૂં હોય તો પરતુ આ "માલા" નો પ્રસાર કરવામા મુશ્કેલી નથી પડી એમ નથી, એટલુજ નહિ પણ આ બાબતમા ગુજગતનુ વાતાવરણ કેટલીક વાર નિરાશાજનક જણાય છે આપણે ત્યા લેખક અને વાચકનો સંબંધ બહુ વિચિત્ર છે કેટલાક દેશોમા લેખક પોતાની કૃતિઓ માટે પજાય છે, તો આપણે ત્યા વાચનાર લેખકની કૃતિઓ હાથ ધરવામા તેના ઉપર ઉપકાર કરતો હોય એવો દેખાવ થાય છે. છતા ધૈર્યથી, અસ્ખલિત પ્રયત્નથી, એક પ્રકારના ધાર્મિક અભિનિવેશથી આ સ્થિતિ બદલી ન જ શકાય એમ માનવાને કારણ નથી

ખારા સમદ્રમા મીઠા ઝરણાઓનુ સ્મરણ કરવુ જ જોઇએ નિરાશા-ભરેલી પરિસ્થિતિમા શબ્દથી, વર્તનથી, કે પુસ્તકની ખરીદીથી આ નવીન પ્રયોગને ઉત્તેજન આપનાર સજ્જનોનો અત કરણપૂર્વક ઉપકાર માનવો એ વ્યવસ્થાપક પોતાનુ આનદદાયક કર્તવ્ય સમજે છે ખાસ કરીને **ભાવનગરના શ્રીમાન્ મહારાજા નરેશ** તરફથી આ "માલા" ને ત્યાના ઉત્સાહી વિદ્વાન્ વિદ્યાધિકારી **શ્રીયુત કૌશિકરામ વિંનહરરામ મહેતા** દ્વારા જે ઉદાર મદદ મળી છે તેની નોધ અત્ર લીધા વિના ચાલતુ નથી તેમજ **વડોદરાના શ્રીમાન્ મહારાજા ગાયકવાડ** તરફથી ત્યાના પુસ્તકાલયોના આત્મા **શ્રીયુત અમીન** મારફત જે આશ્રય મળ્યો છે અને ભવિષ્યમા મળવાની આશા અપાઇ છે તેનો ઉપકારપૂર્વક સ્વીકાર કરતા આનદ થાય છે અમને વિશ્વાસ છે કે હજુ ગુજરાતમા બીજા અનેક સાહિત્યપ્રિય સજ્જનો છે, અને જેમ જેમ આ "માલા" જાણીતી થશે તેમ તેમ તેને ઉત્તેજન આપનારાઓની સખ્યા વધતી જશે

આ બીજુ પુસ્તક ત્રણ લેખકોના હાથથી લખાયું છે પ્રથમ પુસ્તક લખી આપ્યા પછી તુરતજ આ પુસ્તકમા પોતાનો હિસ્સો આપવાની **શ્રીયુત કૌશિકરામે** જે મહેરબાની અને ઉદારતા બતાવી છે તે આપણા લેખક વર્ગમા બહુ વિરલ છે એમનો સહૃદય આભાર માનવાની સાથે જાણીતા શ્રીયુત **કવિ મહારાણીશંકરનું** નામ ભૂલી જવુ ન જોઇએ, કે જેમણે પોતાના લેખને આ ત્રિપુટિમા સ્થાન આપી વ્યવસ્થાપક ઉપર પરમ ઉપકાર કર્યો છે

આ વ્યવસ્થાપકે ગઇ દીપાવલિ વખતે " અખબારે સોદાગર " મા " નવા યુગની સ્ત્રી " ઉપર એક લેખ લખ્યો હતો તે વિસ્તારી અહિં પાછો મૂકવામા આવ્યો છે આ લેખની શૈલીને શ્રીયુત કૌશિકરામે તથા કવિ મહારાણીશંકરે પોતાની શૈલી અનુકૂળ કરી ત્રણે લેખોમા એક પ્રકારનુ જે સામ્ય ઉત્પન્ન કર્યું છે તે એમની ઉભયની કળાને ખાસ આભારી છે આશા છે કે સુજ્ઞ વાચક પ્રથમ પુષ્પની માફક આ બીજા પુષ્પનો પણ સત્કાર કરશે

મુબઇ,
તા ૮-૪-૧૫

નૃ. ભ. વિભાકર,
વ્યવસ્થાપક,
વિચાર – પુષ્પ – માલા

નવીન યુગનો જુવાન.

(લેખક—કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા, બી. એ.)

" युवा स्यात्साधुयुवाध्यापकः । आशिष्ठो द्रढिष्ठो बलिष्ठः ।
तस्येय पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्यात् ।
स एको मानुष आनन्दः । " उपनिषद् ।

નવીન યુગનો જુવાન ચાલશે સમર્થ સુંદર ગતિથી, છાતી બહાર કાઢી, ધરણિ ધ્રુજાવી, દોડશે હરણની પેઠે, ફાળ મારશે કેસરીની પેઠે, લપી જશે સસલાની પેઠે, વળશે ડાળીની પેઠે, પગ માંડશે મેરૂની પેઠે, વિશાળ ખાંધથી અને પહોળી પીઠથી ભાર ઉપાડશે ડુંગરજેટલો, સ્વારી કરશે સિંહ અને વાઘઉપર, દીપશે ભવ્ય ભાલથી, વિકસિત વક્ષથી, ચંડ ભુજાથી, સંગીન પિંડીથી, વિદ્યાના વર્ચસ્થી, નીતિનિષ્ઠાથી.

નવીન યુગનો જુવાન પ્રહાર કરશે પર્વતને પાટુથી, પરંતુ સ્ત્રીને ફૂલથી પણ નહિ, જાણી જોઇને છેતરાશે નહિ, પરંતુ શરમાશે છેતરાવા કરતાં છેતરવાથી વિશેષ; દૂર રહેશે નિંદ્ય આચરણથી, પરંતુ નાહક ડરશે નહિ નિંદકોથી, શત્રુઓને ઉભા કરશે નહિ જાણી જોઇને, પરંતુ પોતાની મેળે ઉભા થયલા શત્રુઓને ગણશે સાક્ષાત્ ઇશ્વરદત્ત વિભૂતિરૂપે, ખચાશે સહારથી, પરંતુ ધર્મસમરમાં ઉપાડશે સમશેર ઉમંગથી, અંતઃકરણને રાખશે શ્રદ્ધાની પ્રભાથી ઝગમગતું, પરંતુ વહેમના કાદવથી કલુષિત નહિ.

નવીન યુગનો જુવાન ચાલશે ઝડપથી, વિચારશે ધીરજથી, સહસા કરશે નહિ કાર્યનો આરંભ, પરંતુ કરશે તો ઝોકાવશે યાહોમ કરી, સહન કરશે બીજાનાં મર્મવાક્યો, પરંતુ ભેદશે નહિ બીજાને મર્મવાક્યોથી, જરૂરવિના તોડશે નહિ તણખલાને પણ, પરંતુ જરૂર

હશે તો ઉખેડશે સાક્ષાત્ શૈલરાજને; મહાકાર્યોમા ધૈર્ય રાખશે, જાણે રાયણનુ બી વાવ્યુ હોય એમ, પરતુ અગત્યનાં કાર્યોમા ત્વરા કરશે, જાણે આગગાડી ઉપડી જતી હોય એમ, સામાન્ય રીતે રહેશે કુસુમ કરતા પણ કોમળ, પરંતુ પ્રસગ પ્રાપ્ત થયે થઈ શકશે વજ્ર કરતા પણ કઠોર

નવીન.યુગનો જુવાન ખાશે ઓછુ, ચાવશે વિશેષ, લવશે ઓછું, કરશે વિશેષ, દાન કરશે અને કરાવશે, ઇંદ્રિયજયથી રાચશે વિશેષ, બીજાને વશ કરવાથી ઓછો, હરખાશે અંતર્યામીની અનુ મતિરૂપ રૂપાની ઘટડીના રણકારાથી વિશેષ, જગત્ના ધન્યવાદરૂપ શખનાદથી ઓછો, જેટલું માન લેશે તેથી આપશે માન બમાણું

નવીન યુગનો જુવાન દેહને દીપાવશે રૂપથી, રૂપને શોભાવશે બળથી, બળને શણગારશે જ્ઞાનથી, જ્ઞાનને તાછશે નીતિથી, નીતિને ઓપશે આસ્તિક્યથી, ચતુરાઇથી ચુટણી કરશે મિત્રોની, અને ચટણી કરશે આતર રિપુઓની, પૂજશે પરમેશ્વરને, વદશે માતાપિતાને, અર્ચશે અતિથિને, નમશે દેવોને, તર્પશે પિતરોને, હાથ જોડશે વૃદ્ધોઆગળ, પગમા પડશે સતોના, ઉજાળશે પોતાને, કુટુબને, જ્ઞાતિને, દેશને, સમાજને.

નવીન યુગનો જુવાન સ્નેહ કરશે મરણપર્યન્ત, કોપ કરશે ક્ષણપર્યન્ત, હઠ કરશે ઉચ્ચ ગ્રાહોને સિદ્ધ કરવામા, મૂગો રહેશે ચુગલી કરવામા, આધળો થશે કામુકવૃત્તિથી પરનારીના નિરીક્ષણમા, પાગળો થશે ખટપટની જાળ પાથરવામા, સો ગાઉ દૂર નાસશે અદેખાઇ રૂપ ડાકેણથી.

નવીન યુગનો જુવાન બાળકોની સગતિથી વૃદ્ધોને પણ આપી શકાય એવુ ડહાપણ સધરશે, સૂર્યકિરણની પેઠે સાહિત્યસાગરમાથી જ્ઞાનરસ ચૂસશે, અને ચોમાસાની ગબ્બર વાદળીપેઠે ઉદારતાથી વરસશે સમાજ ઉપર, વદશે વિજ્ઞાનને, તે સાથે ડોલશે તત્ત્વચિંતનની ખુમારીથી

નવીન યુગનો જુવાન સંઘરશે અનંગને અમૂલ્ય નંગરૂપે, પરંતુ તેનો દાસ બનશે નહિ, ક્રોધનો કરશે નિરોધ, પરંતુ સાધુઓના રક્ષણપ્રસંગે અને દુરાત્માઓના દમનપ્રસંગે તેનો ક્રોધ ફાટી નિકળશે જ્વાલામુખ પર્વત પેઠે, મેળવશે સંપત્તિના ઢગ, પરંતુ તેથી શાણપણ ખોશે નહિ, વાણીમાં સત્યરૂપ સુવર્ણ સાથે પ્રિયરૂપ સુગંધનો અપૂર્વ યોગ જમાવશે, પારકા લાખ રૂપિયાના ઢગલામાંથી રતિ રૂપુ પણ લેવાની ઇચ્છા કરશે નહિ, ઉપાસના કરશે સજ્જનતાની મહાલક્ષ્મી પેઠે, દાસાનુદાસ બનશે હરિજનનો

નવીન યુગનો જુવાન નાચશે બાળકોમા બાળક બની, આશાવાદથી ભવિષ્યને ભૂતવર્તમાનરૂપ મંદિરના શિખર ઉપર સુવર્ણકલશરૂપે સ્થાપશે, અહર્નિશ આનંદમા રહેશે, અને સંગીત લલકારી વૃક્ષઉપરના પક્ષીઓને સ્તબ્ધ કરશે, રહેશે સામાન્ય રીતે ગંભીર અને પ્રસન્ન, પરંતુ હસવાને ઠેકાણે હસશે નાભિના ઉંડાણથી

નવીન યુગનો જુવાન ઠારશે માતાપિતાને કૃતજ્ઞતાથી, પ્રાણેશ્વરીને અસીમ પ્રેમના લ્હાણાથી, મિત્રને હૃદય ઠાલવી ઠલવાવી, અંતર આપશે પાત્રને ડગલે ડગલે, અપાત્રથી સંકોચાશે, પરંતુ અપાત્રને તરછોડશે નહિ, પરસ્ત્રી ઉપર અપવિત્ર દૃષ્ટિપાત કરશે નહિ, પોતાની ધર્મપત્નીસાથે વિહાર કરશે ત્યારે લજાવશે પોતાના દૈવી પ્રેમના ઉદ્રેકથી કિંનરવિદ્યાધરના મિથુનોને

નવીન યુગનો જુવાન ચાર ગાઉ ચુગલીથી અને દશ ગાઉ દંભથી છેટે રહેશે, સાભળવાનું સાભળશે તન્મય થઇ, ન બોલવાને ઠેકાણે ચબનું તાળુ લગાવશે જીભને, બોલવાને ઠેકાણે ખોલશે હૃદયને, વિપત્તિના ભારથી દબાયા છતા ઉછળશે રબરના દડાની પેઠે, ચક્રવર્તિ રાજ્ય મળ્યા છતા ઉન્નત મનોરથો છોડશે નહિ, ઉપભોગ કરશે ત્યાગવૃત્તિથી, પુરૂષાર્થથી પોતાની જરૂરિયાતો પૂરી પાડશે, પરંતુ અમીરાઇ માનશે જરૂરિયાતોના સંયમનમા, સંવર્ધનમા નહિ, પોઢશે પલંગ ઉપર, પરંતુ પોઢી શકશે પાટઉપર, પહેરશે સુંદર વસ્ત્રો, પરંતુ પહેરી શકશે સાદુ ધોતિયુ અને સાદુ

પહેરણુ, જમશે સ્વાદિષ્ઠ ષડ્રસ ભોજન, પરંતુ જમી શકશે સાદી રોટલી અને દાળભાત, બેસશે વાહનમાં, પરંતુ પરગામ ચાલતો જઇ શકશે પોતાના ચરણબળથી.

નવીન યુગનો જુવાન દિનદિન તસુતસુ પણ આગળ ચાલશે, દિનદિન કઇ કઇ પણ બીજાનુ ભલુ કરશે, દિનદિન કઇ કંઈ પણ નવુ શિખશે, મતભેદથી હૃદયભેદ કરશે નહિ, ક્ષમા માગશે સાચા પશ્ચાત્તાપથી, ક્ષમા આપશે બહોળે હાથે, આશા રાખશે લાબી, શોક કરશે ટુંકો, પહેલ કરશે વખાણવામા, પાછળ પડી જશે છળ-પ્રપચમા, સ્મરણશક્તિ કેળવશે બીજાના ઉપકારસબધમા, વિસ્મરણશક્તિ કેળવશે બીજાના અપકારસબધમા

નવીન યુગનો જુવાન ફરશે પૃથ્વીની અને સમુદ્રની પહોળી પીઠઉપર, ઉડશે અતરિક્ષમાં, પેસશે પાતાળમાં, વાત કરશે ઘર બેઠાં બેઠા મનમાનીતા માનવીસાથે, રહેશે શહેરમાં અને ગામમાં, વિચરશે વનમા અને ઉપવનમાં, મ્હાલશે સરસ્વતીમદિરોમા, થૂકશે વેશ્યાવાડાતરફ.

નવીન યુગનો જુવાન અડધી રાતે અનાથની વ્હારે ધાશે, ગળી જશે બીજાનુ દુઃખ દેખી; પુલકિત થશે બીજાની સુખસપત્તિના દર્શનથી, ચીમળાશે જગત્મા અજ્ઞાન અને દરિદ્રતાના દર્શનથી, અમૃતમય વાણીથી, શુભ સકલ્પબળથી અને કોમળ સ્પર્શથી પારકી પીડાને હણશે, ગુણી થવાસાથે વિરોધીઓના પણ ગુણની કદર કરશે અને શિષ્ટ જનોના પણ દોષ છાડશે, પરોપકાર કરી, જાણે અપરાધ કર્યો એમ, ખસી જશે, પોતાના કલ્યાણ સાથે વિશ્વનુ ભદ્ર વિશ્વભરપાસે માગશે, આખમા આત્માની ચમકથી સર્વના અતરાત્માના દર્શન કરશે, જનતારૂપ સરિતામા ભળી જશે ઝરણાની પેઠે, પોતાનો સમય આવતાં પરમાત્મતત્ત્વરૂપ ક્ષીરસાગરમા એકાકાર થઇ જશે દૂધના ટીપાની પેઠે.

નવા યુગની સ્ત્રી.*

[લેખક—નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર,
બી. એ., એલ એલ. બી, બૅરિસ્ટર–ઍટ–લૉ.]

What, in unenlightened societies, colour, race, religion, or in the case of a conquered country, nationality, are to some men, sex is to all women, a peremptory exclusion from almost all honourable occupations, but either such as cannot be fulfilled by others, or such as those others do not think worthy of their acceptance.

John Stuart Mill.

Women could not be too weak, too silly, too ready, to rely on male strength. Never efface themselves too much either in Church or State.

Strength, honour, courage, determination are every whit as admirable in women as in men

A Modern Suffragist

* આ લેખનો કેટલોક ભાગ "અખબારે સોદાગર" મા વિક્રમ સવત્ ૧૯૭૦ ની દીપાવલિના અંકમા પ્રકટ થયો હતો તે કેટલાક વધારા સહિત અહિં ફરીથી પ્રકટ કરવામાં આવે છે. પરવાનગી માટે "અખબારે સોદાગર" ના માલેકનો હું ઉપકાર માનું છુ

નૃ. ભ. વિ.

નવા યુગની સ્ત્રી

સુવર્ણ કલશમાં માટી કે માટીના વાસણમાં સુવર્ણ જેવી દેખાવાને બદલે સુવર્ણ કલશમાં સુવર્ણ જેવી શોભશે, સુદર શરીરમા જડ બુદ્ધિ અથવા તીવ્ર બુદ્ધિ સાથે જડ શરીરની માલેક બનવાને બદલે ચેતનમય શરીરમાં ચેતનવતી બુદ્ધિની અધિષ્ઠાત્રી બનશે, પૂર્ણિમાના ચદ્રમાં જગપ્રસિદ્ધ કલકની કીર્તિથી ઓળખાવાને બદલે ચદ્રની સંનિધિમાં ઝગમગતા તારલિયાના ઝાખા પ્રકાશથી પ્રકાશશે, પ્રતાપી પુરૂષના કિમતી પડછાયાને બદલે સામાન્ય મનુષ્યના સાદા મુકુટમણિનુ સ્થાન સ્વીકારશે

નવા યુગની સ્ત્રી

બાળકોના શરીરની રક્ષક બનશે, જુવાનોના મનની માલેક બનશે, વૃદ્ધોના આત્માની ઉદ્ધારક બનશે, માદાઓની દયાની દેવી થઇને માવજત કરશે, ગરીબોને ગરીબીમાથી ઉગારશે, દુ ખીયાઓના દુ ખ નિવારવા મોટા બલિદાનો આપશે, દેશને જરૂર હશે તો પોતાનુ સર્વસ્વ લૂટાવી દેશે, માતૃભૂમિને ચરણે જીદગી અર્પશે, પુરૂષના સત્કાર્યમા તેની ગુલામ થઇને રહેશે, તેના દુષ્કાર્યમા દુશ્મન થઈને સામી થશે. જ્યાં પરસ્પર પૂરજો બજાવવાની ઉત્સુકતા હશે ત્યા પોતાની ફરજોનો જ વિચાર કરશે, જ્યા હક્કોનું સામ્રાજ્ય હશે ત્યા હથોડાથી પણ પોતાના હક્કો તરફ દુનિઆનું ધ્યાન ખેચશે.

નવા યુગની સ્ત્રી

હૃદયના પરાક્રમો કરી બતાવશે, જેની પાસે પુરૂષનાં શરીરના તેમજ મનના પરાક્રમો ઝાખા દેખાશે, ગૃહમા અને સમાજમા સસ્કૃતિ અને શાતિ ફેલાવશે, જેના વિના પુરૂષ–આચાર્યો અને

અધ્યાપકોના પ્રયત્નો રેતીના રણમા જળવૃષ્ટિ જેવા જણુ શે, દશ ઉપાધ્યાય કરતાં એક આચાર્ય, સો આચાર્ય કરતાં એક પિતા, અને હજાર પિતા કરતાં એક માતા, બાળકના શિક્ષક તરીકે વધારે માનને અને આદરને પાત્ર છે, એવું મનુનું મહાવાકય સિદ્ધ કરી આપશે, મનુષ્ય એટલે માત્ર પુરૂષજ નહિ, પરતુ પુરૂષ, સ્ત્રી અને સતતિની એકરૂપતા, એ શાસ્ત્રીય સિદ્ધાંતના સાક્ષાત્કાર કરાવશે, પવિત્ર અને સાત્ત્વિક સ્નેહલગ્નજ જગત્‌ની મહાન ફત્તેહો, ઉચ્ચ આશાઓ અને ઉદાર ભાવનાઓને ચિરંજીવ કરવાનું અનુપમ સાધન છે તે પોતાના આદર્શ સંસારથી બતાવી આપશે, સ્થૂળ સૌંદર્યનો આધાર સૂક્ષ્મ સૌદર્ય ઉપર છે, અને સૂક્ષ્મ શક્તિથી ભરપૂર સરોવરના આશ્રય વિના સ્થૂળ શક્તિનુ ઝરણુ ક્ષણભગુર છે, એ અચળ નિયમ પોતાના સૂક્ષ્મ સામર્થ્યથી પુરૂષના મન ઉપર ઠસાવશે

નવા યુગની સ્ત્રી

સંયમ, સદ્‌ગુણ અને સ્વાતન્ત્ર્યની મહત્તા કદિ નહોતી તેવી સ્થાપિત કરશે, વાસનાઓ, દુર્ગુણ અને દાસત્ત્વની બેડીઓ હમેશને માટે તોડશે, પુરૂષ અને પ્રકૃતિના પરસ્પર સબધની અનિવાર્યતા સિદ્ધ કરશે, પુરૂષ જો યુદ્ધનોજ ઉપદેશ કરશે, તો પોતે શાતિના પાઠ ભણાવશે, પુરૂષ જો જડતાનાજ ગુણગાન કરશે, તો પોતે ચેતનની દીપાવલિ પ્રકટાવશે, પુરૂષ જો બુદ્ધિનો દાવો કરશે, તો પોતે ડહાપણનો અનુભવ કરાવશે, પુરૂષ જો સૂર્ય થશે તો પોતે પ્રકાશ બનશે, પુરૂષ જો સમુદ્ર બનશે તો પોતે સમુદ્રતટ, પુરૂષ જો પવન તો પોતે ગતિ, પુરૂષ જો સૂત્રધાર તો પોતે નટી, પુરૂષ સિતાર તો પોતે સગીત, પુરૂષ શાસ્ત્ર તો પોતે કલા, પુરૂષ ન્યાય તો પોતે કરૂણા, પુરૂષ ઓજસ્ તો પોતે સૌંદર્ય, પુરૂષ શબ્દ તો પોતે અર્થ, પુરૂષ બળ તો પોતે ધૈર્ય, પુરૂષ વાસના તો

પોતે સંયમ; પુરૂષ સત્તા તો પોતે લક્ષ્મી, પુરૂષ ઈચ્છા તો પોતે સિદ્ધિ; પુરૂષ અગ્નિ તો પોતે અમૃત; પુરૂષ બીજ તો પોતે ધરણી, પુરૂષ પુષ્પ તો પોતે પરાગ; પુરૂષ છાયા તો પોતે શાંતિ, પુરૂષ રથ તો પોતે ચક્ર, પુરૂષ મહારથ તો પોતે સારથિ; પુરૂષ કાર્ય તો પોતે વાચા, પુરૂષ વાચા તો પોતે વિચાર, પુરૂષ વિચાર તો પોતે જીગર, પુરૂષ જીગર તો પોતે આત્મા.

નવા યુગની સ્ત્રી

હુશિયારીનુ પ્રદર્શન કરવાને બદલે સત્યશોધક થશે, જીંદગીના પૃથક્કરણમાં સમય ગાળવાને બદલે સાર્થક જીવન જીવવામાં કૃતકૃત્યતા માનશે, એક હજાર વાકાચૂકા માર્ગોમા ભ્રમણ કરવાની સ્વતત્રતાને બદલે એકજ સીધા માર્ગ ઉપર પ્રગતિ કરવાની વિટંબણા સ્વીકારશે, દુર્ગંધમય ખાબોચિયાની શાંતિને બદલે ખુશનુમા નિર્મળ ઝરણામા અથડાવું કબૂલ રાખશે, પ્રમાદ કરતા વાદવિવાદ વધારે સહન કરશે; વાદવિવાદ કરતા કાર્યમાં વધારે તન્મય બનશે; કાર્ય કરતા જીવનને વધારે કિમતી ગણશે, પોતાના કરતા પારકાના સુખનો વિશેષ વિચાર કરશે, પારકાની ભૌતિક વાસનાઓ કરતા પોતાના આત્માના હક્ક પ્રથમ સતોષશે, વિશ્વકલ્યાણની પ્રવૃત્તિમા પોતાનુ અને પારકાનુ એવા સકુચિત ભેદો ભૂલી જશે.

નવા યુગની સ્ત્રી

જીવન સાદુ અને મનન ઉચું રાખશે, શરીર સુદૃઢ અને હૃદય કોમળ રાખશે; અતર શાત અને બુદ્ધિ ચપલ રાખશે; વાસનાઓમા વૃદ્ધ અને ક્ષમામાં બાલક બનશે; ઉદારતામાં પુરૂષથી ચ્હડિયાતી, સ્વાર્થમા પુરૂષથી ઉતરતી અને સસ્કૃતિમાં પુરૂષની અમોવડી બનશે, સહનશીલતામાં સીતા જેવી, સ્નેહમાં સાવિત્રી જેવી, બુદ્ધિમા ગાર્ગી જેવી, અને બહાદૂરીમાં જોન ઑફ આર્ક

જેવી પ્રકાશશે; ગૃહમાં મત્રી અને સમાજમાં સહાયકનું કાર્ય કરશે; કેળવણીમાં મોખરે ઉભશે અને રાજશાસનમાં સલાહકાર તરીકે આદર પામશે; નિરક્ષરતા અને અજ્ઞાનને દેશવટો આપશે, સર્વત્ર જ્ઞાન, જ્ઞાન, જ્ઞાનનો દીપક પ્રકટાવશે, ગૃહરાજ્યમાં અપૂર્વ રસ લેશે, પણ દેશના રાજ્યથી છૂટી પડીને નહિ, વસતીપત્રકમાં માત્ર બાળકોને જન્મ આપનારી અભણ માતા તરીકેજ ગણાશે નહિ, પણ સમસ્ત સમાજના અતિ ઉપયોગી અંગ તરીકે, પોતાના નહાના સંસારના લ્હાવાઓ ભોગવશે, પણ સમાજરૂપી મોટા સંસારના લ્હાવાઓને તિલાંજલિ આપીને નહિ.

નવા યુગની સ્ત્રી

પોતાની કે પોતાના કુટુંબની ઉન્નતિથીજ સંતોષ નહિ માને, પરંતુ ઘેરઘેર અને શહેરેશહેર પોતાની માતૃભૂમિની ઉન્નતિનો ધ્વનિ જગાવશે, સ્ત્રીપુરૂષના પરસ્પર કલહ અને કલેશમાં પોતાનું કિંમતી આયુષ્ય નહિ વીતાવે, પરંતુ ઉભયના કલ્યાણ માટે પોતાની સર્વ વાસનાઓનું અને મમતાઓનું બલિદાન આપશે અને પુરૂષને આપતાં શીખવશે; પોતે દેશનુ હિત કરવા અસમર્થ હશે તો પુરૂષને તેની કલ્યાણપ્રવૃત્તિમાંથી અટકાવશે નહિ; પુરૂષમા કાંઇ પણ જવાહીર નહિ હોય તેથી પોતે તેની છાયાની પેઠે નિશ્ચેતન પડી નહિ રહે, ભવિષ્યની પ્રજાનું રક્ષણ પુરૂષથી નહિ થાય તેથી પોતે પણ પુરૂષની સામે હાથ જોડીને બેસી નહિ રહે, પુરૂષ જાતિનો ફાલ દિનપ્રતિદિન રસકસ વિનાનો નીકળશે, તેથી પોતાની જાતિનો ફાલ પણ પુરૂષજાતિનું અનુકરણ કરી બગાડવા તત્પર નહિ થાય; નિરાશાભરેલા, સંકુચિત, મલીન, અને જડ વિચારોનો કચરો ગમે તેવાં પ્રિય સ્નેહીજનની માલિકીનો હશે તો પણ તેને આશાભર્યા, વિશાળ, નિર્મળ, ઉછળતા વિચારોના ધોધથી ધોઇ નાંખતાં અચકાશે નહિ, અને આખા દેશ ઉપર

સાત્વિક આનંદ અને ચેતનનો સાગર છલકાવવાને પોતાની વહાલામાં વહાલી વસ્તુનો ભોગ આનંદભેર આપશે.

નવા યુગની સ્ત્રી

જૂના જમાનાના ધર્મ કરતાં નવા યુગના ધર્મમાં વધારે તલ્લીન રહેશે; આત્મિક ઉન્નતિની વાતો કરવા પહેલા શરીરના અને મનના મળ ધોવાનુ કાર્ય પ્રથમ પાર ઉતારશે, મંદિરો શણગારવા પહેલાં મદિરો તરફ દોરી જતા રસ્તાને પ્રથમ ઝાડી-ઝુડી સાફ કરશે, વેદોના મંત્ર મુખપાઠ કરવા પહેલાં શરીરને તંદુરસ્ત, મનને સ્વસ્થ, હૃદયને ઉદાર, અને આસપાસના વાતાવરણને ચેતનમય બનાવવાને પ્રથમ પગલાં ભરશે; ભાષણો આપવા પહેલા તીવ્ર બુદ્ધિ, ઉદાર વિચાર, પ્રમાણિક ઉદ્યમ, સગીન અભ્યાસ, વિશાળ અનુભવ, નિર્દોષ વર્તન, અને ભીના જીગરની સામગ્રી પ્રથમ તૈયાર કરી રાખશે, ઉપદેશ આપવા પહેલા ઉપદેશ આપવાનો અધિકાર પ્રથમ પ્રાપ્ત કરશે, હક્કો માગવા પહેલાં હક્કોનો ઉપયોગ કરવાની કળા પ્રથમ હાથ કરશે, મોટા મનોરથો બાધવા પહેલા નહાના ધર્મો પ્રથમ બજાવશે; મોક્ષનું શાસ્ત્ર શરૂ કરવા પહેલા સસારશાસ્ત્રમા પારગતતા પ્રથમ મેળવશે, સીતાના આદર્શનાં ગુણગાન ગાવા પહેલા મિસ ફ્લૉરેન્સ નાઇટિંગેલના આદર્શ સૂધી પહોચવા પ્રથમ પ્રયત્ન કરશે, સસ્કૃત પાઠશાળામા કે અગ્રેજી વિશ્વવિદ્યાલયમા પડિતાની પદ્વી મેળવ્યા પહેલા દાઇઓની નિશાળમા સારી દાઈ તરીકેનું સર્ટિફિકેટ પ્રથમ મેળવી લાવશે, ધર્મગ્રંથોના જ્ઞાનનો ફેલાવો લોકોમા કરવાને બહાર પડવા પહેલા સ્વચ્છતા અને આરોગ્ય-શાસ્ત્રનો એકડો તેમની પાસે પ્રથમ ઘૂટાવશે, ઋષિ મુનિઓના દૃષ્ટાતોનુ અનુકરણ કરવાની સભાઓમા અપીલ કરવા પહેલાં સાદા શહેરીના આદર્શ જીવનનો મર્મ પ્રથમ નહાના ઝુંપડાઓમા સમજાવશે, સમસ્ત વિશ્વના આધ્યાત્મિક કલ્યાણ કરવાની પ્રતીજ્ઞા

લેવા પહેલાં પોતાના દેશની આર્થિક અને સાંસારિક ઉન્નતિ કરવાનું ન્હાનુ કાર્ય પ્રથમ સિદ્ધ કરશે.

નવા યુગની સ્ત્રી

પુરૂષને શરમાવશે વિશેષ, પણ પુરૂષથી શરમાશે ઓછી; પુરૂષને દીપાવશે વિશેષ, પણ પુરૂષથી દીપશે ઓછી, પુરૂષથી પૂજાશે વિશેષ, પણ પુરૂષને પૂજશે ઓછી; પુરૂષને હંફાવશે વિશેષ, પણ પુરૂષથી હાફશે ઓછી.

નવા યુગની સ્ત્રી

બોલશે વિશેષ, પણ બકશે ઓછુ, ચાલશે વિશેષ, પણ ઉંઘશે ઓછું, વાચશે વિશેષ, પણ નિંદશે ઓછું, વિચારશે વિશેષ, પણ શણગારશે ઓછુ; હસશે વિશેષ, પણ રડશે ઓછું, માગશે વિશેષ, પણ પજવશે ઓછુ, પડદા કરતાં પ્લૅટફૉર્મ વિશેષ શોધશે, મંદિરો કરતા મેદાનોમા વિશેષ મ્હાલશે, કપડા કરતા પુસ્તકો વિશેષ સંભાળશે, ફર્નિચર કરતા સ્વચ્છતા વિશેષ વસાવશે, ભોજનશાળા કરતાં વ્યાયામશાળા વિશેષ ચહાશે; જીભ કરતા મગજ વિશેષ વાપરશે, વાર્તાઓ કરતા વિજ્ઞાન વિશેષ વાચશે, ઇર્ષ્યા કરતાં સ્પર્ધા વિશેષ બતાવશે

નવા યુગની સ્ત્રી

કોઈ બોલાવશે તો મેંઢાઓનું મૌન ધારણ નહિ કરે, છતાં સ્વભાવજન્ય ગૌરવ ધારણ કરશે, ગ્રૅમોફોનની વાચાળતા નહિ બતાવે, છતા કુદરતી મધુરતા બતાવશે, કોઇ છંછેડશે તો પથરા નહિ ફેંકે, છતા ક્ષમા મગાવશે.

નવા યુગની સ્ત્રી ક્ષમા આપશે, પણ

શક્તિને લીધે, અશક્તિને લીધે નહિ, ઉદારતાને લીધે, પરાધીનતાને લીધે નહિ, સ્નેહને લીધે, ભયને લીધે નહિ.

નવા યુગની સ્ત્રી જીતશે, પણ

આંસુઓથી નહિ, આંખના તેજથી; "નિરાધાર" ના મશહૂર પણાથી નહિ, પોતાના અધિકારથી, પોલીસકોર્ટદ્વારા નહિ, ગૃહરાજયદ્વારા; ખુશામતથી નહિ, પ્રેમથી, રડાવીને નહિ, હસાવીને.

નવા યુગની સ્ત્રી પૂજશે, પણ

રૂઢિને નહિ, સ્વાતંત્ર્યને; અમાવસ્યાને નહિ, પૂર્ણિમાને; ગ્રહણને નહિ, સૂર્યને, દેવતાઓને નહિ, દેવને, પુરાણોને નહિ, સનાતનને; મૂર્તિને નહિ, મૂર્તિના આત્માને, પુરૂષને નહિ, પુરૂષના હૃદયને.

નવા યુગની સ્ત્રી રમશે, પણ

રસોડામાં નહિ, બગીચામાં, ધુમાડામા નહિ, પવનમાં, અંધકારમા નહિ, પ્રકાશમા, ખુરશીપર નહિ, ટેકરીપર, સોફાપર નહિ, રેતીપર, ગાડીમા નહિ, ઝાડીમા, ભોયરામા નહિ, ગગનમા, પાલખીમાં નહિ, સમુદ્રમા, જનાવર સાથ નહિ, કુદરત સાથ; જડ સાથ નહિ, ચેતન સાથ, ફરજ માટે નહિ, આનંદ માટે, હુક્ક માટે નહિ, જરૂરિયત માટે, રિવાજ માટે નહિ, સ્વભાવ માટે, બીજાઓને રીઝવવા નહિ, આત્માને સંતોષવા.

નવા યુગની સ્ત્રી વિચારશે, પણ

પડોશીના ઝઘડાઓ નહિ, પોતાના જીવનધર્મ; ખાવાની વાનીઓ નહિ, સંસારની ખુબી—ખામીઓ, દરજીની દુકાનો

નહિ, ગરીબનાં મકાનો, ઝવેરાતના નમુનાઓ નહિ, જીંદગીના આદર્શો

નવા યુગની સ્ત્રી ઓળખાશે, પણ

ફિક્કા ચહેરાથી નહિ, તંદુરસ્ત લાલીથી, શરીરની નબળાઇથી નહિ, હૃદયની સત્તાથી, સાડીના આકર્ષણથી નહિ, નેત્રના જાદુથી; આભૂષણના તેજથી નહિ, બુદ્ધિના ગૌરવથી, બાહ્ય ઝળહળાટથી નહિ, આંતર વિશુદ્ધિથી, "અબળા" ના નામથી નહિ, અનેરાં પરાક્રમથી, કલેશમય ગુલામગીરીથી નહિ, સ્નેહમય લાગણીથી, મૂર્ખાઇની કાળી ટીલીથી નહિ, ત્રિવિધ સંપત્તિના કુમકુમથી, પુરૂષના રમકડા તરીકે નહિ, પુરૂષને રમાડનાર તરીકે, દેશના ભાર તરીકે નહિ, જગત્‌ના ઉદ્ધાર તરીકે, ઉત્પાદક યંત્ર તરીકે નહિ, ચેતનમય શક્તિ તરીકે, કલાની દાસી તરીકે નહિ, કલાની રાણી તરીકે, ગૃહની પુતળી તરીકે નહિ, સંસારના મહારથિ તરીકે

નવા યુગની સ્ત્રી

આળસથી શરમાશે તેમજ આળસુઓને શરમાવશે; વહેમોથી ન્હાસશે તેમજ વહેમીઓને ન્હસાડશે, દુ:ખોથી દબાશે નહિ તેમજ દુઃખીઓને દબાવશે નહિ, પદવીથી મલકાશે નહિ તેમજ પદવીધારીઓને મલકાવશે નહિ, જ્યાં લાગણીની જરૂર હશે ત્યાં સ્નેહ વરસાવશે, જ્યાં દિલાસાની જરૂર હશે ત્યાં દુઃખમાત્ર બળપાવશે, જ્યાં સ્ત્રીની જરૂર હશે ત્યાં દેવી થઇ ઉભી રહેશે, જ્યાં મદદની જરૂર હશે ત્યાં આત્માના ન્યોછાવર કરશે.

નવા યુગની સ્ત્રી

જગતે જોયું નથી તે બતાવશે; કોમળતાને દૃઢતા સાથે દીપાવશે, સૌંદર્યને સામર્થ્ય સાથે મિલાવશે, કળાને ઉપયોગિતા

સાથે જોડશે, હૃદયને બુદ્ધિથી અજવાળશે, બુદ્ધિને હૃદયથી મ્હાત કરશે.

નવા યુગની સ્ત્રી

પુરૂષ જેમ કરશે તેમ નહિ કરે, પણ પુરૂષ જે નહિ કરી શકે તે કરશે, પુરૂષને કમાઈને નહિ આપે, પણ પુરૂષની કમાણીમા ભાગ પડાવશે, પુરૂષના જેટલુ ધન નહિ કમાય, પણ પુરૂષ બચાવશે તેથી વિશેષ બચાવી આપશે, પુરૂષની જવાબદારીનો હિસ્સો નહિ માગે, પણ પુરૂષની અક્કલનો ઇજારો તોડશે. પુરૂષની ફરજો છીનવી નહિ લે, પણ પોતાના હક્કો છીનવવા દેશે નહિ, પોતાનોજ કક્કો ખરો નહિ કરે, પણ પુરૂષનોજ કક્કો ખરો થવા દેશે નહિ, પોતાની ભાવના ઉચી બાધશે, પણ પુરૂષની ભાવના નીચી બાધવા દેશે નહિ, પોતે સ્વાર્થત્યાગ કરશે, પણ પુરૂષને સ્વાર્થી થવા દેશે નહિ, પોતે ગરીબી વેઠશે, પણ પુરૂષને મોજશોખમા આળોટવા દેશે નહિ, પોતે ઉડાવ થશે, પણ પુરૂષને ઉદારતા શીખવશે પોતે જાગૃત થશે, પણ પુરૂષને ઉઘવા દેશે નહિ પોતે દોડશે, પણ પુરૂષને બેસવા દેશે નહિ, પોતે બહાદુર થશે, પણ પુરૂષને બાયલો થવા દેશે નહિ, પોતે લડશે, પણ પુરૂષને રડવા દેશે નહિ, પોતે બડ ઉઠાવશે, પણ પુરૂષને જુલ્મી ન્હેવા દેશે નહિ. પોતે સહન કરશે, પણ પુરૂષને સહનશીલ થતા શીખવશે, પોતે સકટો વેઠશે, પણ પુરૂષને પીગળાવશે, પોતે બધનો તોડશે પણ પુરૂષના બધનો તોડાવશે, પોતે નાચશે, પણ પુરૂષને હસાવશે, પોતે સ્વર્ગમા ઉડશે, પણ પુરૂષને નર્કમા સડવા દેશે નહિ, પોતે યોગ સાધશે, પણ પુરૂષને યોગભ્રષ્ટ થવા દેશે નહિ, પોતે પ્રાણ પાથરશે, પણ પુરૂષના પ્રાણ બચાવશે, પોતે મોક્ષ મેળવશે, પણ પુરૂષને મોક્ષ અપાવશે

ૐ

નવીન યુગનો પુરૂષ.

'पुरूषो वा व यज्ञः'। छान्दोग्योपानिषद्.

નવીન યુગનો પુરૂષ,

યુગની પાછળ નહિ ચાલશે, પણ ચલવશે યુગને પોતા પાછળ,
કલિયુગને નહિ કોસશે, પણ પલટશે તેને સત્યયુગના ઓજસે,
પ્રતિકૂલ સજોગો પર નહિ રડશે, પણ અનુકૂલ કરવા જીવનભર લડશે,
પુલ્લિંગ માત્રથી નહિ રાચશે, પણ પુરૂષસંજ્ઞાને પાત્ર થઇ રાજશે.
જાહિલોને નમાવશે હંમેશ, પોતે નમશે દેવોનેજ શેષ,
જાલિમોને હંફાવશે હંમેશ, પોતે હાંફશે તેના હર્ષમાંજ લેશ,
કાયરોને શરમાવશે હંમેશ, પોતે શરમાશે આત્મશ્લાઘામાંજ વિશેષ.
દુશ્મનોને ડરાવશે હંમેશ, પોતે ડરશે માત્ર જેથી નારાજ પરમેશ
કરશે અતિ ઘાણું, પણ બોલશે બહુ થોડું,
છતા દેખાડી શકશે સભામાં પ્રખરવક્તા તરીકે મુખરતા,
બનશે શૂર, પણ રહેશે અક્રૂર,
છતા પાપીઓ પ્રતિ નહિ ધરશે ખોટી કારૂણિકતા,
દેખાશે તેજોદીપ્ત, પણ હશે અનવલિપ્ત,
છતા તિમિરપ્રિય તસ્કરો પ્રતિ દેખાડશે પ્રચંડદંડતા,
કર્મયોગે જીવનયુક્ત, પણ ત્યાગે થશે જીવનમુક્ત,
છતા જનક, કૃષ્ણવત્ ભોગવશે ભવની ભવ્ય ભોગિતા,
ગોખશે થોડું, પણ વિચારશે ઘણું,
છતા વેદ પ્રણવ આવૃત્તિમાં નહિ રાખે ઉદાસીનતા.

ક્ષમા આપશે ક્ષુદ્રોને માતા ધરણીના પુત્ર ધરણીધરવત્
અસત્તાથી નહિ પણ મહત્તાની સત્તા સ્થાપવા,
પરાજયથી નહિ પણ વિનયનો જય કરવા,
નૈર્બલ્યથી નહિ પણ સૌજન્યની પ્રતિષ્ઠા પાડવા,
છતાં ટેક અને ધૃતિ સમયે,
માસ્તનના લાવારસે ફાટી, વિકાળ જ્વાળામુખથી ભભુકી,
ચડાવશે કાળને પણ કોળીએ.

દમ રાખશે;
દમદમ અને કદમ કદમથી ઇન્દ્રિયોને નિગૃહીત કરી,
અખંડનૈષ્ઠિકવ્રતધારી આદિત્ય બાલબ્રહ્મચારીવત્

ब्रह्मचर्येण तपसा देवा मृत्युमुपाघ्नत,
ब्रह्मचर्येण तपसा राजा राष्ट्रं विराजते.

ઊર્ધ્વવીર્ય થઈ, નકે નિર્વીર્ય બની જઇ,
સશક્ત સદાચારી રહી, નકે અશક્ત 'સેજે બાવા બ્રહ્મચારી' કહી,
બ્રહ્મચર્યપીયૂષ પાન કરી, નકે વિષયવિષ હડકવાએ મરી,
અને છાટશે ભારતભાલના ભાગ્યનભમા,
પરશુરામ, હનુમાન, ભીષ્મ, શુક, શંકર, દયાનંદ પ્રભૃતિ
ગ્રહ નક્ષત્રોના સિન્દૂરનુરા છાટણા ભરીભરી
કુસુમનેય કરમાતુ જોઇ કપાતી કરશે કલેજાની કળીકળીઓને,
પણ જંગરગે અંગઅંગમા ઉમંગથી જોખમી જખમો ખમી,
જખ મરાવશે અધર્મી આતતાયીઓને
મન વાણીથીય પરપ્રાણીની હિંસા કરી ઉછાળી દેશે,
દયાનો દરિયો લેવા પ્રાયશ્ચિત્ત.
પણ મારાત્મક મારને ઠાર મારવામાં મારજ સમજો કે,
કરૂણાનુ કણુય દ્રવી થાશે ગમારચિત્ત.
કામિનીઓના કટાક્ષબાણથી નહિ કાંપશે, જેમ વીજળીથી વીંધાઇ
દ્રવતાં વાદળા,

પણ કંપાવશે કઇ રંભા અપ્સરાઓને જાણે શીલશૈલમાંથી સાક્ષાત્
શુકદેવો સળગ્યા,
છતાં નમાવશે શિર, સ્વીકારી સ્રીશક્તિની સત્તા સર્વોપરિ
વા પરણશે,
અરૂણવત્
અમાવાસ્યાન્ધકારને ઓકતી ગૃહાશ્રમદિશે, પુણ્યપરોઢીઆ
પ્રકટાવતી અક્ષતા ઉષા કુમારીને,
બ્રહ્મયજ્ઞવત્
અઘમર્ષણ, ગાયત્ર્યાદિ મન્ત્રોચ્ચારિણી, માનવમાનસમલાપહારિણી,
શુચિ સન્ધ્યા સુદરીને,
યાગવત્
કૌટુમ્બિક ગાર્હપત્ય કુડમા ધુધવાતા અધર્મ ધૂમ્રને ધકેલવા,
ઝટિતિ પ્રકટી નીકળતી, ઊર્ધ્વપથ પ્રદર્શતી જાજ્વલ્યમાન
જ્યોતિની પરીને,
વેદવત્
વિશ્વકલ્યાણકારિણી, અદ્વિતીય ધર્મ ધારિણી, ઋક્ સામાદિ—
શ્રુતિ ગાયની, અભેદોપાસની યશસ્વિની વાણી વિદ્યાધરીને.
વિજયવત્
સ્વર્ગસમૃદ્ધિસવર્ધિની, અમોઘસુખવર્ષિણી, સ્વભૂમિભયભજની,
જાતિકુલરંજની, દુશ્મનદળદલની,
વીરપ્રસૂતિની સ્વતન્ત્રતા શૂરીને,
સંસારપારાવારમાં સક્ષેમ સંચારનારી, ધર્મ અર્થ ને કામ બંદરલાંગરનારી,
મોક્ષ કિનારે પહોચાડનારી નાવડીને,
ગાર્હસ્થ્ય ધર્મહર્મ્યનો પાયો બનનારીને,
બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ, સન્યસ્તાશ્રમી પાથપખીડાઓને તર્પવા,
પુરૂષસરોવરમાં પ્રેમની મુસળધારે વર્ષતી વાદળીને,
સમાજઆમ્રવૃક્ષે બ્રહ્મનાદ ટહુકતી વીણાકંઠી કોયલડીને,
આશ્રમોદ્યાનના કર્તવ્યકયારડામાં મલકાતે મુખડે,

આનંદફૂલડાં વર્ષાવનારી દેવવેલડીને
પંચમહાયજ્ઞની સિદ્ધિને,
અગ્નિહોત્રની વિશુદ્ધિને,
અતિથિમક્ષિકાઓની મધપુડીને,
પિતૃતર્પણની પ્રસાદીને,
પ્રાણીમાત્રની પરબડીને.
શરીરની શ્વેતતાનેજ નહિ આત્માની શ્રેષ્ઠતાને,
ઉપરની સુન્દરતાનેજ નહિ અંતરની સુજનતાને,
ધોળી બગલીનેય નહિ કાળી કોયલડીનેય,
ચમકદાર કેસુડાંને નહિ ખુશબોદાર ફૂલડાંને,
નામની અબોધ પુતળીને નહિ પ્રેમની સુબોધ સુંદરીને,
શ્રીવાળીનેજ નહિ ધીવાળીને,
હ્રીવાળીનેજ નહિ ધૃતિવાળીને,
ભોગીને નહિ નિરોગીને,
જારભાવનીને નહિ પ્યારભાવનીને,
અભિમાનવતીને નહિ, વિજ્ઞાનવતીને,
અજ્ઞાને નહિ પ્રજ્ઞાને,
અહંકારવાળીને નહિ સંસ્કારવાળીને,
આભૂષણવાળીનેજ નહિ ગુણગણવાળીને,
અલંકારિણીનેજ નહિ સદાચારિણીને,
સ્વાર્થિનીને નહિ પરમાર્થિનીને,
ઉદ્ધત્તને નહિ ઉદાત્તને.
બીજાનું વળગાડયું લાકડે માંકડું નહિ પોતાનું પરીક્ષ્યું સરખે સરિખડું,
નાતજાતખાબોચીઆનીજ દેડકીને નહિ વિશાળ માનસરની ગુણીહંસણીને,

વિષયવિષ ઘોળવા નહિ પ્રણયપીયૂષ પીવા,
નામર્દ થવા નહિ મરદાઈ જીરવવા,
હેવાન બનવા નહિ જુવાની જકડવા,

મરદ રહી વિષયવિગ્રહમા મદનનો મદ મર્દવા,
નકે મારે મરી નામર્દ થવા,
ઇન્દ્રિયોને ઇન્દ્રવજ્રવત્ વાપરવા,
નકે ઇન્ધનવત્ ભડભડ બાળવા

ગૃહાશ્રમ ચોકમાં વ્યભિચાર કાજળ ઓગળવા નહિ પણ પાવનપ્યાર કર્પૂરને પરાગવા,
જીવનવનને પાપદાવાનળથી બાળી ઉજડવેરાન કરવા નહિ, પણ પુણ્યસુધાજળથી ઠારી સુદરસ્વર્ગોદ્યાને શોભાવવા,
વ્હાલીને માનશે,
વિષયની યન્ત્રી તરિકે નહિ પણ ચક્રવર્તી ગૃહરાજ્યનિયન્ત્રી મન્ત્રી તરીકે,
પગની જુતી તરીકે નહિ વિશ્વની વિભૂતિ માતૃશક્તિ તરીકે,
ઘરની ગુલામડી તરીકે નહિ હૃદયની રાણી તરીકે,
ચુલાની ચાકરડી તરીકે નહિ અંતરની આખલડી તરીકે,
પડદામા ગણગણુતી માખ તરીકે નહિ ઉચે અનંતતામા ઉડતી અર્ધાગના પાખ તરીકે,
અનધિકારી શૂદ્ર તરીકે નહિ આત્માધિકારી ભદ્રસુહૃદ્ તરીકે,
માથે વેઠ ભૂત તરીકે નહિ સાથે શ્રેષ્ઠ દેવદૂત તરીકે,
મોહની માલણ તરીકે નહિ પ્રેમની તબોલણ તરીકે,
ઢોર ગમાર તરીકે નહિ નરતરૂવરની ફૂલરૂપ ડાળ તરીકે,
વ્યભિચારના ખાળ તરીકે નહિ પ્યારની પુષ્પમાળ તરીકે,
ખાએશની પુતળી તરીકે નહિ સ્વર્ગ સદેશની સુદરી તરીકે
નહિ કહે કાન્તાને,

જીભથી 'અલી' પણ 'હે હૃદયેશ્વરી'
'એ ઘરવાળી' પણ 'હે ગૃહલક્ષ્મી'
'મા ફલાણાની' પણ 'હે દેવી દયાની'
'કયા ગઈ એ' પણ 'હે સુદરી આયે'

વ્હાલીને નવરાવશે હેતના અમૃતભર્યા હૃદય હોજમાં,
રમણીને રમાડશે શાન્તિસમીર સરતા આત્મકુંજમાં,
પ્રિયતમાને ફેરવશે નંદનવન કે સ્નેહસાગરના રતિરેતી પુંજમાં,
ગુણીયલને ગવરાવશે અભેદ ગાન ગેબી ગુંજમા.
    ચડાવશે ચતુરાના ચરણો આખડીની ચાંખડીએ,
    પૂજશે પ્યારીના પાદો પ્રેમાર્ધ્યભરી પાપણુની અંજલિએ,
દેવી કહી આરાધશે, મૂર્તિ કરી માનશે,
ઉરમંદિરે સ્થાપશે, જીવનજ્યોતિ આરતિ ઉતારશે,
    રમાડશે, રીઝવશે, નચવશે મયૂરીને,
        બસ ખુશી મોજ અને આનંદમાં
    તથા મનાવશે આણુ મનુની મનુજ સમાજમાં,

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता :
यत्रै तास्तु नपूज्यन्ते सर्वास्तत्राफला : क्रिया :

છતા પણ,

રોવાડશે ફક્ત વિરહમા,
રીસાવશે ફક્ત મશ્કરીની મજાહમાં,
કોપાવશે ફક્ત કુટિલ ચુંબનમા,
માર મારશે ફક્ત રતિ વિગ્રહમા,
અશ્રુ પડાવશે ફક્ત હર્ષમા,
પેટમા દુખાવશે ફક્ત અતિ હાસ્યમા.

સન્તાનો પેદા કરશે પણ,

ફક્ત પિતા કહાવવા નહિ પણ पितृदेवोभव ની ફરજ બજાવવા,
મુડદાઓને શ્રાદ્ધાવાજ નહિ પણ પિતૃજીવનોને પૂજવા,
વિષયનુ દેણુ દેવા નહિ પણ પૂર્વજોનું ઋણુ ચુકવવા,
વાસનાને પૂરી કરવા નહિ પણ મૃતાત્માઓને તર્પવા,

ખાએશને ખુશ કરવા નહિ પણ ઋષિ સંતોને સંતોષવા,
જડયન્ત્રવત્ અચાનક નહિ પણ શાસ્ત્રના વિવેક પૂર્વક,
હેવાન થઇ બલાત્કાર કરીને નહિ પણ ગર્ભાધાનાદિ સસ્કાર
સમજીને,
સર્વકાલાભિરામી બનીને નહિ પણ ઋતુકાલાભિગામી થઇને;
પાપના અંધારામાં નહિ પુણ્યના ઉજાળામા,
ચર્મચક્ષુ વીંચીને નહિ આત્મચક્ષુય ઉઘાડીને,
ચોરી ગુપ્તિથી નહિ જાહેર સમતિથી.

अङ्गादङ्गात्संभवसि हृदयादधि जायसे
वेदो वै पुत्रनामासि सजीव शरदः शतम्
अश्माभव परशुर्भव हिरण्यमस्ततं भव
आत्मासि पुत्र मा मृथाः सजीव शरदः शतम् (श्रुतिः)

ભગવાનની શ્રુતિથી—
માતૃભૂમિને શિર લીંખજુ બનાવવા નહિ
પણ કીર્તિના મુકુટમણિ થવા,
દેશનાં દુર્ભાગ્યતિમિરમા પતંગીઆં ચમકવા નહિ
પણ સહસ્રરશ્મિના ભભુકા સળગાવવા,
ભારતના શ્રેયસ્સિન્ધુમાં પરપોટાવત્ ફુટીજવા નહિ
પણ પ્રલયતરંગપરંપરા સમા ઉછળવા,
કાગડા કૂતરાંવત્ ઉદર ભરવા નહિ
પણ વિશ્વયજ્ઞમાં બલિ સમર્પવા.
વિશ્વમાળીની વાટિકામાં કાટા થવા દેવા નહિ
પણ માનવમધુકરો માટે કુસુમો ખીલવવા,
થોર ઝાંખરાં પથરાવા નહિ પણ પ્રાણીમાત્રને આરામ શાન્તિ
અને પોષણ આપતા કલ્પવૃક્ષો ઉગાડવા,

દરના ઉદર જેવા નહિ ગગનગામી ગરૂડ જેવા,
માંચીના માંકડ જેવા નહિ દેવોના દિગ્ગજ જેવા,
ઘાંચીના બળદ જેવા નહિ પ્રાચીના પુત્ર જેવા,
આકાશને ઓળંગે એવા,
પવનપર પલાણે એવા,
સૂર્યથી સ્પર્ધે એવા,
સમુદ્રને શોષે એવા,
શેષફણુપર નાચે એવા,

પૃથ્વીની ગલ્લી કરી પર્વતરાજનો દડ લઈ, ગલ્લી દડે રમે એવા
અન્ય સ્ત્રીના સ્મરણ કરતાં મરણ સારૂં ગણશે,
પણ સ્વસ્ત્રીના સ્નેહ સ્મરણમા વિતાડશે રાત્રિઓની રાત્રિઓ,
વેશ્યાવાડામાં જવા કરતા પગને પાગળા કરવા વધારે ચાહશે,
પણ વેશ્યાવાડા બંધ કરવામા થકવશે ગાત્રોના ગાત્રો,
વારાંગનાથી વિહરવા કરતા નપુસક બનવા નહિ શરમાશે,
પણ અર્ધાંગનાથી વિહાર કરવામાં ઇર્ષ્યા કરાવશે અનેકસુર-સુદરીઓને.
પરકીયાને બુરી આખે નિહાળવા કરતા આધળા થઈ તુરત સુરદાસ
બની જાશે પણ સ્વકીયાને સ્નેહોદ્રેકથી નિહાળતા થભાવી દેશે
કલાકો સુધી મટકાઓના મટકાઓ,
અને ઝગાવશે અનીતિની કલુષિત નિશાપર,

પવિત્રાત્માં શ્રી લક્ષ્મણજીની નીતિચન્દ્રિકા.

केयूरे नैव जानामि नैव जानामि कुण्डले
नूपुरे त्वभिजानामि नित्य पादाभिवन्दनात्
(वाल्मीकि)

अस्तेय રાખશે

મન વચન ને કમથી ન કે છળ પ્રપચ કે શરમથી,
નીતિથી ન કે ભીતિથી,

ખરા જીગરથી ન કે કોઇની નજરથી,
અન્ત કરણથી ન કે કોઈના દબાણથી,
અન્દરના અવાજથી ન કે કોઇની માજાથી,
મરદ તરીકેના વચનથી ન કે દસ્તાવેજના બધનથી,
શુદ્ધ આદત દેખાડી ન કે કાયદાની મુદત વીતાડી,
અબ્જોના વિશ્વાસમા ન કે પોલીસોના ત્રાસમા,
મોતી માણેક જડયા મહેલમાં ન કે પથરાભરી જેલમા,
હીરાઓની ખાણમાં ન કે કાળમીઢા પહાડમા,
કરજ કાઢી વેરો કરશેજ નહિ,
ચક્રવર્તી વ્યાજનો ચેરો જોશેજ નહિ,
'જીથા એટલાં ઋણ' કરી ફૂલણજી થઇ ફરશેજ નહિ,
કોઇનું ઓહીઆ કરી નાગો થઈ કેડ મરડશેજ નહિ,
દીવાળુ કાઢવા કરતા જીદગીનેજ તાળુ દઈ દેશે,
કોઇનું હરામનુ ખાવા કરતા રામબોલોભાઇ રામજ થઇ જશે,
પોતે પાઇ પાઇની કરશે કરકસર પણ બીજાનુ લાખોનુ
ઋણ ભરશે જરેજર,
બીજાને નહિ છેતરે જરી મનથી પણ
છતા પોતે નહિ છેતરાય ધૂર્તોના લાખો યત્નથી પણ,
સ્વપ્ને પણ જાણશે નહિ કેવી થાય ઠગાઇ,
છતાં લુચ્ચાઓના સરદારોની પણ પકડી પાડશે લુચ્ચાઇ,
તોપણ ચોરશે,
ચતુરોની ચારૂમતિને, સિંહની ગતિને, ધીરની ધૃતિને, વીરની વૃત્તિને,
શૂરની શક્તિને, રતિપતિની રતિને, કવિ કરતી કુદ્રતની કૃતિને

શૌચ રાખશે

તનને દિનમા બે વાર પણ મનને તો ક્ષણે ક્ષણે ધોશે,
અને તેથી વરકતીઆ સ્નાન મરજાદી નહિ પણ મનમરજાદી બનશે,
અન્યના સ્પર્શથી નહિ સ કોડાય છુઇમુઇના છોડવા પેઠે,

પણ અસ્પૃશ્યોનેય અડી ઉદ્ધારશે તાપના ભડકા પેઠે,
ઉપલક અડવાથી નહિ સંકોચાય પાણીનાં માછલાં પેઠે,
પણ પતિતનેય પાવન કરશે યજ્ઞની શિખા પેઠે,
ખોટી આભડછેટથી નહિ વટલાય ગુફાના અંધકાર પેઠે,
પણ વિશ્વના મળને વિશોધશે આતપના પ્રતાપ પેઠે,
જ્ઞાતિ જ્ઞાતિમાંજ જમવાથી નહિ માને શુદ્ધિ શ્વાનોની જમાત પેઠે,
જાતિ જાતિમાં સ્વદેશભક્તિથી કરશે પ્રીતિભુક્તિ જગન્નાથના
એક ભાત પેઠે.
નોખા ચોકા કરીનેજ નહિ માને વટાળ ખાબોચીઆંના દાદુરો પેઠે,
પ્રજાસાગરમા પરસ્પર પ્રેમોદ્રેકથી મળી જશે નદનદીના
ઉછળતાં નીરો પેઠે,
અને દેખાડશે ભારતીય ભ્રાતૃભાવ (Brotherhood) અરે ઉપનિષદ્નો

આત્મભાવ— **यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति**
सर्वभूतेषु चात्मान ततो न विचिकित्सति

નહિ ફક્ત બોલવાનો પણ પાળવાનો.
જળતીર્થમાં નહિ ધાય આત્મશૌચ કરવા,

न चैनं क्लेदयन्त्यापो (गीता)

છતાં જળાશય જળાશયે ફરશે જ્ઞાનગુરૂ તીર્થ મેળવવા,
અને તેથી પાણીથી તનનુ, સદ્વિચાર, વાણી અને કર્મથી મનનુ,
વિદ્યા તપથી આત્માનુ અને જ્ઞાનથી બુદ્ધિનુ કરશે પરિશોધન.

अद्भिर्गात्राणि शुध्यन्ति मनः सत्येन शुध्यति
विद्यातपोभ्यां भूतात्मा बुद्धिर्ज्ञानेन शुध्यति

(मनु)

પરસ્ત્રીને તેમ સ્વસ્ત્રી રજસ્વલા કે સગર્ભાને અસ્પર્શ્ય ગણશે,
ષડ્‌રિપુઓથીજ સંકોચાશે અસત્ય ને અજ્ઞાનથીજ અભડાશે,
પાપકર્મથીજ છોવાશે મદ્યાદિ દુર્વ્યસનથીજ વટલાશે,
વિષયવેશ્યાવ્યાસંગીનેજ ભંગી સમજશે,
જૂઠા ચોર જારીનેજ ચાડાલ કહેશે,
અનાચારીનેજ અન્ત્યજ લેખશે,
ઢોંગી ધૂર્તોનેજ ઢેડા ગણશે

ધી ધરશે
સ્કુલથીજ નહિ માના ઉદરથી,
માસ્તરથીજ નહિ માતરપિતરથી,
ચોપડામાથીજ નહિ પારણુંમાથી,
પ્રોફેસરોના ભાષણમાથીજ નહિ સુન્દર હાલરડાંમાથી
પેટ ભરવા ખાતર નહિ શ્રેષ્ઠ બનવા ખાતર,
છતા ઓડકારશે જેમ સાગર અને ભરાશે જેમ વાદળ,
શુષ્ક સસારના જીવનરણો ભીંજવવા,
ગર્જતા અને વર્ષતા.
સ્વાર્થ સારવા ખાતરજ નહિ પણ પરમાર્થ સાધવા ખાતર,
છતાં ફળશે જેમ તરૂઓ અને છલકશે જેમ મહાનદનીરો,
પૃથ્વીના પ્રાણીઓને તર્પવા, તોષવા ને પોષવા
ઘરકુટુંબ પાળવા ખાતરજ નહિ પણ દેશ, કોમ ને
वसुधैव कुटुम्बकम् ખાતર,
છતાં રાજશે જેમ રવિ અને શોભશે જેમ શશી,
પ્રત્યેક વનસ્પતિ વનસ્પતિને જીવાડવા, ખીલાવવા ને વિકસાવવા.
તનને ખાતર નહિ પણ વતન ખાતર,
છતાં સુશરીરી થઇ ગિરિને પણ ગબડાવી પાડશે
કુસંપને પાત્ર ટુકડા ટુકડા નાત ખાતર નહિ પણ વિશાળ
માનવ માત્રની ખાતર,
છતાં રાષ્ટ્રીય મહાનદ વહાવવા જ્ઞાતિ ખાબોચીઆંને નહિ સૂકવા દેશે,

પદવી દેખાડવા ખાતર નહિ પણ કર્તવ્યયજ્ઞમાં હવિ બનવા ખાતર,
છતાં ડિગ્રિઓની વૃષ્ટિમાં ઉપરતિની છત્રી ઓઢશે
આપદાદે જાણ્યુ તેટલુંજ નહિ જાણે, પણ તેઓએ ન જાણ્યુ
તે ઉકેલશે,
પેઢીઓએ જોયું તેવુજ નહિ જુએ, પણ તેઓએ નથી જોયુ તે
દેખાડી આપશે,
જગતે શોધ્યું તેથીજ નહિ સંતોષે પણ જગતે નથી શોધ્યું તેને
શોધવા આકાશના નક્ષત્રે નક્ષત્રો અને પૃથ્વીના પડેપડો
ઉથલાવી નાખશે,

ઘરડેરાઓની સારી વાતોને સ્વીકારશે,
નઠારીને તિલાજલિ આપવામા લોકાપવાદથી નહિ ડરે,
ગાન ગાશે પૂર્વજોની વડાઇના,
પણ વર્તમાનમા નહિ મૂર્છા મરડી બેસે તેની બડાઇમાં,
બુદ્ધિ કરતા ચારિત્ર્યને વધારે વખાણશે,
પ્લેટફોર્મ કરતા પ્રયોગો વધારે ચાહશે,
નાટકશાળા કરતાં કુદ્રતશાળા વધારે જોશે,
મેદાનો કરતા વિમાનોમા વધારે મ્હાલશે.
વ્યાયામ સ્થળ કરતા યુદ્ધ સ્થળ વધારે ગમશે,
મગજ કરતા આત્મા વધારે વાપરશે,
વિજ્ઞાન કરતા શાન્તિ વધારે મેળવશે,
સ્પર્ધા કરતા અદ્વિતીયતા વધારે સાધશે,
ટાપટીપ કરતા ઉપયોગિતા વધારે ગ્રહશે,
ઠાઠમાઠ કરતા સરલતા વધારે ધરશે,
દમામડોળ કરતાં અંગને વધારે સુડોળ બનાવશે,
વસ્ત્ર કરતા વપુને વધારે સંભાળશે,
કપડાં કરતા કસરતની વધારે કિંમત કરશે,
કોલરની કડાકુટ કરતા કંઠને વધારે કિન્નરતામા કેળવશે,
નેકટાઇની જંજાળ કરતા વક્ષને વધારે વિશાળ કરશે,

કફના કટ કરતાં કાંડાંની વધારે માવજત લેશે,
પાટલુનના અકડાટ કરતાં જંઘાનો કદાવર ઘાટ ઘડશે,
બૂટની બડાઇ કરતાં પગને વધારે મજબૂતાઇ આપશે,
સેંટની સુગંધિ કરતા શ્વાસમા વધારે સુરભિ સરાવશે,
ચામડીપર સાબુની સફાઇ કરતાં લોહીની વધારે શુદ્ધિ જાળવશે,
વાળના આડંબર કરતાં ભેજાને વધારે તર રાખશે,
ચશ્માંના ચળકાટ કરતા ચક્ષુને તીક્ષ્ણ તેજે ચમકાવશે,
પાનથી મુખ લાલ કર્યા કરતાં વાણીથી વધારે શોભાવશે,
ચા પીવા પાવા કરતા ચાહ વધારે પીશે પાશે,
કપાળમાં ટીલાં ટપકાં કરતાં બ્રાહ્મ તેજથી વધારે રાજશે,
દાંત કાઢવા કરતાં દાત માજી ધવલવા વધારે માડશે,
ખાવા કરતા પચાવવા વધારે ધારશે,
હુકમ કરતા પ્રેમથી વધારે કામ સાધશે.

સભામાં બેસશે,

ફેશનનુ પ્રદર્શન બતાવવા નહિ પણ જ્ઞાનનું દિગ્દર્શન કરવા કરાવવા,
છતા સરલતાની સભ્યતામા બીજાથી ઓછો નહિ ઉતરે.
અમલદારો સામે હાજીહા કરવા નહિ પણ હરીફના મુખથી પણ વા'જી વા' કઢાવવા,
છતા પોતાનોજ કક્કો મનાવવા ના જી ના નહિ કરે
અધિકારીઓની ખુશામત કરવા નહિ પણ સ્વસિદ્ધાન્તોને સલામત રાખવા,
છતા પરગુણોની કિમત કરવામા વિકાર નહિ ધરે.
પોતાનું માન મેળવવા નહિ પણ સત્યનુ સમાન જાળવવા,
છતાં યદ્વા તદ્વા લવી કોઇનુ અપમાન નહિ કરે
સ્વપક્ષને ખુશ કરવા નહિ પણ નિષ્પક્ષતાનો અધ્યક્ષ થઇ જાુ બેશ ઉડાવવા,
છતા પ્રતિપક્ષ સમક્ષ બેવકુફીનો વેશ નહિ ભજવે.
રાજ્યભીતિથી માખણ લેવા નહિ પણ સ્વદેશ પ્રીતિનુ શૂરાતન બતાવવા,

છતાં રાજ્યભક્તિ–સેવામાં જાન આપતાંય પાછી પાની નહિ ભરે.
પોતે ખાશે પણ પાડોશીને નહિ દિયે ભુખ્યો રહેવા,
પોતે જાગશે દેશને સુખથી ઉંઘાડવા,
પોતે મરશે જાતિને અનંત જીવાડવા
ધી નહિ ધરે
કોઇનાં મર્મ વેધવામા, વૈરનો બદલો વિચારવામા,
કુતર્ક કૂતરાઓથી સત્યનો શિકાર ખેલવામા,
અન્યાય અદાલતમાં અદાવતની વકીલાત ચલાવવામા,
ધી અને શ્રી મેળવ્યા પહેલા સ્ત્રી પરણવામા

धी श्री स्त्राम् (પિંગલસૂત્ર)

વિદ્યા લેશે
સ્થૂલ કરતા સૂક્ષ્મને વધારે જાણવા,
શરીર કરતા શરીરીને વધારે ઓળખવા,
સૃષ્ટિ કરતા સ્રષ્ટાને વધારે ખોળવા,
જડ કરતા ચેતનને વધારે જોવા,
રૂઢિ કરતાં બુદ્ધિને વધારે પૂજવા,
લોકાચાર કરતા વિવેકાચારને વધારે અનુસરવા.
બાહ્ય શુદ્ધિ કરતા આંતર શુદ્ધિ વધારે કરશે,
મન્દિર કરતા કુદ્રત સૌન્દર્ય વધારે શોધશે,
બનાવટી પ્રતિમા કરતા ભવ્ય વિરાટ્‌ના વધારે દર્શન કરશે,
અચેતન મૂર્તિ કરતા ચેતન માતા પિતા આચાર્યને વધારે નમશે,
અને સ્મરાવશે સ્મૃતિ વચનો

आचार्यो ब्रह्मणोमूर्तिः पितामूर्तिःप्रजापते·
माता पृथिव्या मूर्तिश्च भ्राता स्वो मूर्तिरात्मनः
(मनु.)

જડ દેવો કરતા
मातृदेवो भव पितृदेवो भव आचार्यदेवो भव अतिथिदेवो भव

ના દેવોને વધારે પૂજશે.

अहं ब्रह्म કહી સ્વોપાસનાનો દંભ કર્યા કરતાં પરબ્રહ્મનો સાચો
ઉપાસક બનશે,

અનેક ઇશ્વરો કરતાં એકજ ઇશ્વરને બરાબર ઉપાસશે,
સ્વાર્થની યાચના માટે નહિ પરમાર્થની ભાવના માટે,
ઉપહાર માટે નહિ નિજ ઉદ્ધાર માટે,
કામના માટે નહિ કૃપા મેળવવા માટે
ખુશામતખોરો બતાવવા નહિ કૃતજ્ઞતા વધારવા માટે.

પુરાણો કરતાં દર્શનો, દર્શનો કરતાં ઉપનિષદો, ઉપનિષદો કરતા
વેદો, અને વેદો કરતાંય સાક્ષાત્કાર માટે વધારે મથશે
પુસ્તકો કરતા ધારણા, ધારણા કરતાં અમલ ને અમલ કરતાં
અનુભવને વધારે માનશે.

विद्या વાપરશે,

વિનય માટે ન કે વિવાદ માટે,
સુપદ માટે ન કે કુમદ માટે,
વિદ્યામદમાં છકી નહિ જાય પણ કઇ છકેલાઓને છક્ક કરશે,
ઉન્મત્ત નહિ થઇ જાય પણ ઉન્મત્તોને મહાત કરશે.
અન્ધ વિશ્વાસમાં નહિ આત્મ પ્રકાશમાં,
અન્ધ પરંપરાની ચાલમાં નહિ નવીન યુગની બળતી મસાલમા,
બાપની ખારી કુઈ ખોદવામાં નહિ ગમે ત્યાની જ્ઞાન ગંગાની
ન્હેરો વહાવવામા,
રીતરીવાજના રગશીઆ રેંકડા રોડવવા નહિ વર્તમાન વાતાવરણમાં
વિમાનો ઉડાડવા,
નાત જાતનાં પીપોડાં વગાડવામાં નહિ રાષ્ટ્રીયતાનાં રણસીંગડા
ગજાવવામાં,

विद्या દેશે,

બ્રાહ્મણથી લઇ શૂદ્રને જેમ વાયુ પ્રાણો આપે શ્રેષ્ઠથી લઇ ક્ષુદ્રને,
રાયથી લઈ રંકને જેમ જળ શીતળતા આપે ઉચ્ચથી લઇ

નીચ પર્યંતને,

મોટાથી લઇ નાનાંને જેમ સૂર્ય રોશની આપે

હિમાચલથી લઇ અલ્પ પહાણાને.

મનુષ્ય યોનિ મેળવવા ખાતર
પુનર્જન્મમાં પામવા ખાતર
મેળવ્યાનો બદલો વાળવા ખાતર
ઋષિ પિતૃઓની જ્ઞાનપરંપરા જાળવવા ખાતર
વાપરી વધારવા ખાતર
બ્રહ્મની વેદ આજ્ઞા પાળવા ખાતર

यथेमां वाच कल्याणी मावदानिजनेभ्यः
ब्रह्मराजन्याभ्याᳬ शूद्राय चार्याय स्त्राय चारणाय.

(वेद)

અવિદ્વાન્ બનશે,

સ્વપ્રશંસાના બણુગા ફુંકવામાંજ,
મરીમસાલા ભરભરાવી પરનિન્દા કથવામાજ
નાસ્તિકતાનું સમર્થન કરવામાંજ,
આસ્તિકતાને અસિદ્ધ કરી આપવામાંજ.

सत्य

માનશે તેજ કહેશે અને કહેશે તેજ કરશે,

मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनाम्

છતા માનશે નહિ આધળીઆ કરી ભિલ્લોનાં ચણોઠાં,
પણ મારશે ડુબકી આપ્ત પુરૂષોના આત્માનુભવના ઉંડાં જળમાં,
ને શોધી લાવશે સાક્ષાત્કારનાં ચળકતાં મોતીડા.
ડોશીઓની વાતો નહિ પણ વેદાદિ સચ્છાસ્ત્રોને માનશે,
પરંપરાથી ગાદીધારીઓને નહિ પણ જ્ઞાનગુરૂ અધિકારીઓને વંદશે,
જન્મથી સંજ્ઞા માત્રના અભિમાનીઓને નહિ પણ ब्रह्मजानन्ति ब्राह्मणा.

ના ગુણકર્મયુકતોને સેવશે,

પ્રકૃતિને નહિ પ્રકૃતિના અધિષ્ઠાતાને, જગત્‌ને નહિ
જગત્‌ના નિયંતાને,
મૂર્તને નહિ મૂર્તના રચયિતાને, કાર્યને નહિ, કાર્યના કર્તાને પૂજશે,
કાષ્ટને નહિ અન્દરના અગ્નિને, શરીરને નહિ અંદરના આત્માને,
પુસ્તકોને નહિ અંદરના શબ્દોને, શબ્દોનેજ નહિ અંદરના અર્થોને,
અર્થોનેજ નહિ સાથ સબધને વિચારશે.

સાભળશે વાત બાળકોની પણ ન્યાયભરી,
દરકારશે નહિ વૃદ્ધોનાય પ્રલાપો જરી,
સસ્કારી શૂદ્રોનેય આસન આપશે સત્કારી,
બ્રાહ્મણ રાવણોને કાઢશે ધિક્કારી

હાકી કાઢશે સત્યવર્તનમા લોકાપવાદ ઉકરડાના ધુમાડાને
અન્ત કરણ હુતાશનના ભડકાએ,
રાખશે કર્ણને કાયમ સાભળવા અતર ટેલીફોનના ઉડેરા સાદ
તેથી બ્હેરા થશે સાભળવા ન્યાયાચરણમાં નિન્દકોના નગારાના નાદ,
કુરબાની કરશે કોલમા રાજ્યધાનીઓની,
પ્હેરશે કીર્તિમાળા હરિશ્ચન્દ્ર રામ પ્રતાપ નામાવલીઓની,
નહિ વેંચશે કોન્શન્સ સસારના રત્ન નિધિઓમા,
પણ એક સત્યના પણથી વેંચાશે ઢેડાઓમાં,
નહિ કાન દિયે અસત્યની ચોખંડ ગર્જી હિપ્ હિપ્ હુર્રેને,
પણ હસીને સાભળશે સત્ય ખાતર હિસ્ હિસ્ હુડીઓને,
સેંકડો સામ્રાટોની પણ અન્યાયની ખુશામતોને કાઢશે તિરસ્કારી,
પણ એકજ રક ન્યાય ખાતર ભોગવશે બરબાદી
અધાર્મિક યુગાન્તરોના જીવનદાનને દેશે તિલાજલિ,
ધાર્મિક ક્ષણિક અકાલ મૃત્યુને પણ લેશે વધાવી,
છતા જીવશે અવિચળ કઇ દીર્ઘાયુઓ કરતા,
જીવવા કરતાં મરવાની યોગ્યતા વધારે મેળવશે,
છતા મરશે જીવવાની અનતતા જાળવી

નહિ દરકારે હૃદય સામે માતાઓના વિલાપ,
ભરત, ધ્રુવ, શંકર, હકીકતરાય, દયાનંદ માફક.
નહિ ગણકારે કર્તવ્ય સામે પિતાઓના પ્રલાપ,
રામ, પ્રહ્લાદ, શુક, બુધ માફક.
નાત છોડશે, જાત છોડશે, દેહ છોડશે, સ્નેહ છોડશે,
એક પરમપિતા પ્રભુના ગેબી અવાજ કાજ

त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे कुलं त्यज्येत्
कुलं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत्

અસત્ય માનશે ને કહેશે-
અસત્‌ની સત્તા ને સત્‌ની અસત્તા, અભાવથી ભાવનાને ભાવથી અભાવના,
વેદોનું પૌરૂષેયત્વ, બ્રહ્મનું અનસ્તિત્વ, આત્માનું આદિત્વ, જગત્‌નુ અનાદિત્વ
સત્યનો પરાજય, અસત્યનો વિજય, ધર્મનો ક્ષય અને પાપનો અભ્યુદય.

અસત્ય વર્તશે-
ફક્ત જૂઠાઓના સત્યથી, નાસ્તિકોના મતથી.

દાન દેશે,
ભિક્ષાને વધારવા નહિ પણ શિક્ષાને ફેલાવવા,
આલસ્યને ઉત્તેજવા નહિ પણ ઉદ્યમને ખીલવવા,
દેવળોને નહિ પણ નિશાળોને,
મહારાજોને નહિ પણ કોલેજોને,
મૂર્તિઓને નહિ પણ વિદ્યાર્થીઓને,
કુપાત્રને નહિ પણ સુપાત્રને,
મફતીઆ માગણોને નહિ અતિથિ સાધુ પરોણાઓને,
બ્રાહ્મણ નામને નહિ તેના કામને,
ભવભોગીને નહિ કર્મયોગીને, દીનરોગીને,

જન્મને નહિ ગુણ કર્મને,
મુસ્ટડા મહતોને નહિ ધર્મનિષ્ઠ સંતોને;
સેતાનોને નહિ વિદ્વાનોને,
નાદાનોને નહિ દાનાઓને,
અંધાઓને નહિ અંધાઓને,
સાગરમા નહિ ખેતરમા,
શરમથી નહિ પરમધર્મથી,
સકામતાથી નહિ નિષ્કામતાથી,
જુલમથી નહિ ફરજથી,
અશ્રદ્ધાથી નહિ શ્રદ્ધાથી,
કીર્તિ ખાતર નહિ પ્રીતિ ખાતર,
પ્રાણના, જાનની કુરબાનીનાં, જીવન સર્વસ્વના
ધર્મ, ફર્જ દેશ અને સંસાર ખાતર
પાજરાપોળ કરતા શોધખોળને વધારે ઉત્તેજશે,
છતાં પનારે પડયા પ્રાણીને પેટની પેઠે પાળશે,
કબુતરખાના કરતા દવાખાના વધારે ઉઘાડશે,
છતા બલિવિશ્વદેવ યજ્ઞથી કીડીને પણ પોષશે,
ગૌશાળા વિદ્યાશાળા સાથેજ ખોલશે
જળાશયો કળાકૌશલ્ય માટેજ બાંધશે,
મંદિરોને લાઈબ્રેરીઓમા ફેરવશે.

अक्रोध રાખશે,
પામરોપર, નિર્બળોપર દયા ખાઇ ક્રોધને નિરોધશે,
પણ વિરોધી ક્રોધી મસાલોને તો પોતાના હાસ્યરાળથીજ
વધારે બળવા દેશે,
સ્વ આપત્તિમાં ઉદ્ધતને નમાવશે ઉદાત્ત શાન્તિથી,
પરશુરામને જેમ રામ.

પણ પરાપત્તિમાં પાપીને પજવશે વીરોત્ક્રાન્તિથી
રાવણને જેમ રામબાણ
દુશ્મન ઉંબાડીઆને ખુદ બળીને નહિ કરે હર્ષ ઉજળું,
પણ ક્ષાન્તિથી ઠરીને કરશે તેનું મોઢું કાળું,
ક્રોધાગ્નિમા નહિ થાય તણખલુ પણ બનશે બરફનું ચોસલુ,
ઉપકાર લેશે રાઇનો ને વાળશે પર્વતથી,
પણ અપકારના તો ડુંગરાઓને પણ ખંખેરી નાખશે
કપડા પરની રજ પેઠ
લેશે સોઘુ રૂંવાડુ ને દેશે મોઘું માથુ,
પણ માથુ કાપનારાઓને તો કરવા આપશે ઓશીકુ
દાબશે ભલાઇમા પગ છતા મારશે કોઇ પાટુ
તો બની જશે પુટબોલ વાળવા ઉલટુ સાટુ.
રડતાના રૂદનો સાભળી રડશે,
દુઃખીઆના દુઃખો દેખી દ્રવશે,
પાપીઓના પ્રાયશ્ચિત્તો પેખી પીગળશે
अहिंसा परमो धर्मः ના પાલનથી જીવનઆરામને પ્રાણીમાત્રનુ
આરામ સ્થાન બનાવશે
ક્રોધ કરશે,
ક્રોધના કારણ તથા પરિણામ રૂપ ષડરિપુઓ પર
આ પ્રમાણે **मनु** શબ્દને તદ્ધિત પ્રત્યય લગાડીનેજ નહિ
કહેવાય **मानव** શુષ્ક, પણ **मनु** પ્રણીત શુદ્ધ ધર્મના દશ લક્ષણ
પાળીને થશે આદર્શ

मनु વંશજ **मानव**,

नवीन युगनो पुरुष.

લે૦ મહારાણીશંકર અંબાશંકર શર્મા.

(પાછળ જુઓ.)

વિચાર-પુષ્પ-માલા સંબંધી કેટલાક અભિપ્રાયો.

The Modern Review [March 1915]

Messrs Ranchhod Bhavan and Vibhakar have started this series of the "Garland of Thought" with a view to focus the thought creations of the best minds of the world, and thereby to acquaint the Gujarati-reading public with the best portions of foreign literature. It is an idea worthy of all praise. The series is led by Mr Kaushikram V. Mehta, B. A., Director of Education, Bhavnagar. In a style, which is sure to be followed by every one, he has expounded the principle of यतो धर्मस्ततो जय from certain portions of Plato's Republic.

સમાલોચક (ફેબ્રુઆરી, ૧૯૧૫)

વિચાર-પુષ્પ-માલાના પ્રથમ પુસ્તકને ગુજરાતી વાચનસામગ્રીના રૂપમાં આવકાર આપતાં અમને આનન્દ થાય છે. વારંવાર એમ કહેવામાં આવે છે કે આપણા દેશનું મ્હોટામાં મ્હોટું દુર્ભાગ્ય તે અજ્ઞાનનો અન્ધકાર છે. એ ગાઢ અન્ધકારને કમી કરવા માટે જે જે સજ્જનો એક પણ નમ્ર કિરણ મોકલે છે તે સર્વે દેશની અગત્યની સેવા બજાવે છે. નવયુગનું ચેતન હૃદયે હૃદયે પહોંચે તે માટે જેટલા પ્રયાસ થાય તેટલા બધા આવકારને પાત્ર છે એવો અમારો નમ્ર અભિપ્રાય છે, અને તેટલા માટે "વિચાર-પુષ્પ-માલા"ની યોજનાનો અમ્હે સત્કાર કરીએ છીએ તથા ત્હેના યોજકોને અભિનન્દન આપીએ છીએ. વિચાર-પુષ્પ-માલાના હેતુઓ એ માલાના વ્યવસ્થાપકે પોતાના સુલિખિત "નિવેદન"માં બહુ સારી રીતે જણાવ્યા છે, જે ધ્યાનપૂર્વક વાંચી જવા અમ્હે સર્વને ભલામણ કરીએ છિએ. "નિવેદન"ની ભાવનાઓ જેવી ઉન્નત અને ઉત્સાહપ્રેરક છે તેવી ત્હેની શૈલી મોહક અને સુરસાદાર છે. આ માલાનો પ્રથમ મણિકો 'ધર્મનો જય' એ છે એ અમને યથાર્થ લાગે છે. આ લેખ ગુજરાતના જાણીતા લેખક અને ઉત્સાહી શિક્ષણશાસ્ત્રી રા. કૌશિકરામે મહાન ગ્રીક તત્ત્વચિન્તક પ્લેટોના "The Republic" એ નામના પ્રસિદ્ધ ગ્રન્થને આધારે લખ્યો છે. આખો લેખ બાજરોત્તર સંવાદના રૂપમાં છે અને વાંચતાં ગમે તેવો છે. લેખકની હાસ્ય-રસની પ્રીતિ વચ્ચે વચ્ચે ડોકીયાં કરે છે અને સંવાદ વાચનના શ્રમને આનન્દના તત્ત્વોથી રંગે છે. સંવાદની તર્કપરમ્પરાની ગતિ જરા ઓછી ત્વરિત હોત તો વાચનારને એથી પણ વધારે રસ પડત. અમ્હે આશા રાખીએ છિએ કે આ માલાના બીજા મણિકો પણ ગુજરાતના સારા સારા વિદ્વાનો પાસે લખાવવામાં આવશે. રા. રણછોડદાસ જેવા વિદ્યાનુરાગી ધનિકે આવી ઉપયોગી ગ્રન્થમાલાના પ્રકાશક બની સર્વ [illegible] ધનિકોને ધનનો સદ્વ્યય કરવાની સારી દિશા દર્શાવી છે. અમ્હે [illegible] રનાના યોજકને ધન્યવાદ આપીએ છીએ [illegible]

ભાર્ગવ [સંવત્ ૧૯૭૧, માહા.]

રા નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકરના ઉત્સાહી તંત્રીપણા નીચે ન નીકળતી વિચાર–પુષ્પ–માલાનું પહેલુ પુષ્પ "યતો ધર્મ સ્તતો જય ના નામ હેઠળ બહાર પડયુ તે ખરેખર પ્રશસનીય પ્રયાસ છે ગુજરાતના જાણીતા રા કૌશિકરામ વિ મહેતાએ તે પ્રયાસમા મહાન ગ્રીક તત્ત્વજ્ઞાની પ્લેટોના સવાદોનુ કાઇક અનુકરણ કર્યું છે પ્લેટો ઘણોજ સસ્કારી મગજો-થીજ સમજાય છે, અને એ તરજુમા પછી તેનુ સૂક્ષ્મ સૌંદર્ય જાળવી રાખવુ એ ઘણુ કઠણ કામ છે રા કૌશિકરામે કરેલો પ્રયાસ ખરેખર વખાણવા લાયક છે . . . . .અમને આશા છે કે યુરોપીય સાહિત્ય રત્નો ગુજરાત સમક્ષ મૂકવાનો આ પ્રયાસ ફતેહમદ નીવડી આપણા જીવનને અને ભાષાને વધારે સમૃદ્ધિવાન કરશે

The Bahauddin College Magazine [February 1915]

Mr N B Vibhakar has begun the editing of a series of small tracts called વિચાર–પુષ્પ–માલા on the analogy of 'the tracts for the times' of which we have received the first number. It is from the facile pen of Mr K V Mehta and its subject is appropriately derived from Plato. We shall watch the career of this new venture with interest

Central Library Department, Baroda.

આપના તરફથી વિચાર–પુષ્પ–માળાની બ પ્રતો આવી તે ઉપકાર સાથે સ્વીકારવામા આવી છે પુસ્તકો બહાર પાડવાનો જે ઉચ્ચાશય પ્રસ્તાવ-નાથી સ્પષ્ટ થાય છે તે માટે તથા સમગ્ર ગુજરાતને યોગ્ય વખતે જે કિંમતી સલાહ મળે છે તે માટે સમગ્ર ગુજરાત આપનું આભારી થશેજ–છેજ અમે બનતી મદદ આપવા ચૂકીશુ નહિ

An Educationist

Your નિવેદન is Beauty, Hope, Seriousness, Business, grim Earnestness, almost Philosophy. I saw Mr M B. He was full of praise . . . . . The cover is artistic. The lady may be dressed Gujarati-fashion at leisure

Chhaganlal H Pandya, Esqr, B. A., Director of Education, Junagad.

The object of the venture has been very lucidly and ably expressed by you in your introduction and no more laudable scheme could have been thought of to fulfil the same. Mr Kaushikram, no doubt, deserve[s the] best thanks for taking the initiative and heading the list [of writ]ers